



# જિલ્લાના ત્રણ હજારથી વધુ બાળકોનું નમૂનારૂપ શૈક્ષણિક મૂલ્યાંકન કરાશે

## કાર્યશિબિરમાં મુખ્યમંત્રીએ કરેલા સૂચનને પગલે શિક્ષણતંત્રએ લીધેલો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવની સાથે નમૂનારૂપ ગુણોત્સવ યોજી અને ત્રણ હજારથી વધુ બાળકોનું પ્રારંભિક શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવશે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના અધિકારીઓની એક દિવસીય કાર્યશિબિર દરમ્યાન પ્રવેશોત્સવ ટાંકણે જ પ્રારંભિક શૈક્ષણિક મૂલ્યાંકન કરી ગુણોત્સવના મૂલ્યાંકનને વધુ સઘન બનાવવા પર મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ભાર મુક્યો હતો.

આ સૂચનને પગલે શિક્ષણ વિભાગે આ વખતના પ્રવેશોત્સવની સાથે સાથે નમૂનારૂપ ગુણોત્સવનું ચાર કેટેગરીમાં આયોજન કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દરેક સ્કૂલમાં આ નમૂનારૂપ ગુણોત્સવ યોજવામાં આવશે. આ નમૂનારૂપ ગુણોત્સવમાં દરેક કેટેગરીમાં ૬ બાળકો આવરી લેવાના રહેશે.

જેમાં બે હોંશિયાર, બે મધ્યમ અને બે નબળા બાળકોનો સમાવેશ કરવામાં આવશે. આ બાળકોનું પ્રારંભિક શૈક્ષણિક મૂલ્યાંકન વાંચન, લેખન અને ગણનનું હશે. આ માટેની તૈયારીઓ પણ વિભાગે અલગથી કરી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધો. ૨ના ૬ બાળકો, ધો. ૩ થી ૫ના કોઈપણ એક વર્ગના ૬ બાળકો, ધો. ૬ થી ૮ના કોઈપણ એક વર્ગના ૬ બાળકો અને ધો. ૮ થી ૯માં પ્રવેશ મેળવનાર બાળકો પૈકીના ૬ બાળકોનો સમાવેશ કરવામાં આવશે.

આ ચાર કેટેગરીમાં કયા વર્ગના બાળકો પસંદ કરવા તે અંગેનો નિર્ણય જે તે શાળાની મુલાકાતે જનાર અધિકારીએ કરવાનો રહેશે. પ્રવેશોત્સવ દરમ્યાન એક દિવસમાં ત્રણ શાળાઓ આવરી લેવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં ૭૪૦ થી વધુ શાળાઓમાં પ્રવેશોત્સવ અને નમૂનારૂપ ગુણોત્સવનું આયોજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. જેમાં ૫૮૦ પ્રા. શાળાઓ અને ૧૭૦ થી વધુ માધ્યમિક શાળાઓનો સમાવેશ થાય છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે પ્રવેશોત્સવમાં પ્રાથમિક શાળાઓની સાથે માધ્યમિક શાળાઓને પણ આવરી લેવાનો નિર્ણય પહેલીવાર લેવામાં આવ્યો છે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે

● અનુસંધાન પાન-૭ પર

# કર્ણાટકના ધારાસભ્ય મહાત્મા મંદિર અને દાંડીકુટિર નિહાળી દંગ રહી ગયા


## નગરની મુલાકાતે આવેલી કર્ણાટકની ટીમ હરિયાળી અને રોડ નેટવર્કથી પણ પ્રભાવિત

## દરેક રાજયમાં ગાંધીજીના જીવન આધારિત દાંડી કુટીર હોવી જોઈએ : ઈશ્વર ખાંદ્રે

ગાંધીનગર તા ૨

શહેરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિરની મુલાકાતે આજે કર્ણાટકના ધારસભ્ય તેમજ માર્ગ મકાન વિભાગની ટીમ આવી હતી. આ દરમિયાન વિભાગના અધિકારીઓ દ્વારા પ્રઝન્ટેશન રજુ કરી પ્રોજેકટની વિશેષતાઓ અંગે સમજણ આપવામાં આવી હતી.દાંડી કુટીર નિહાળી કર્ણાટકની ટીમ પ્રભાવિત થઈ હતી. કર્ણાટકમાં પણ ગાંધીજીના જીવન ચરિત્ર પર

● અનુસંધાન પાન-૭ પર



# ઘ-૦ થી ખ-૦ સુધી ના માર્ગ પર સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ મુકાયા

## સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ નંખાતા ટુંકમાં જ અજવાળુ પથરાશે

ગાંધીનગર તા ૨

શહેરમાં એકબાજુ ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે શહેરના પ્રવેશદ્વાર સમા ઘ-૦ થી ખ-૦ ને જોડતા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સના અભાવે અંધારપટ્ટ છવાયેલો હતો. જયારે લાંબા સમયથી આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. આખરે તંત્ર દ્વારા આ માર્ગ પર ૨૭ જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા નાંખવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે.

ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી ટોરેન્ટ પાવર સંભાળે છે. જયારે ટોરેન્ટ પાવરે આ જવાબદારી સ્વીકારવા માટે અસંમતિ દાખવતા તંત્ર દ્વારા નવી એજન્સીને કામ સોંપવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે શહેરમાં પ્રાયોગિક ધોરણે એલ ઈ ડી લાઈટ ફીટ કરવાનુ કામ પણ હાથ ધરવામાં આવતા શહેરના આડા રસ્તા પર એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાયુ છે.

શહેરમાં મહાત્મા મંદિર સાથે જાડાયેલા ખ માર્ગને પણ સિકસલેન બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના ઘ-૦ થી ખ-૦ માર્ગ પર સ્ટ્રીટ લાઈટના અભાવ વચ્ચે શહેરના પ્રવેશ દ્વાર સમા વિસ્તારમાં જ અંધારપટ્ટ હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. બીજીતરફ ખ માર્ગને સિકસલેન બનાવાના આયોજનને અનુલક્ષી આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરવામાં આવે તે અનિવાર્ય હતુ. જેના પરિણામે તંત્ર દ્વારા આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ.

સુત્રોના જણાંવ્યા અનુસાર આ વિસ્તારમાં અજવાળુ પાથરવા માટે તંત્ર દ્વારા ૨૭ જેટલા પોલ્સ ફીટ કરી દેવાયા છે. જેથી હવે ઘ-૦ થી ખ-૦ માર્ગ પર અજવાળુ પથરાશે. સ્ટ્રીટ લાઈટની સુવિધાના લીધે વાહન ચાલકોની દુવિધા પણ દુર થઈ છે.

# જનસેવા કેન્દ્રનું આધુનિકરણ કરી સેવાઓનું સઘનીકરણ કરાશે

## કલેક્ટર કચેરીના રાઉન્ડ દરમ્યાન સ્વચ્છતા જાળવણી તેમજ ફાઈલોની નિભાવણી માટે પણ કર્મચારીઓને ટપાર્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્રનું આધુનિકરણ કરવાની સાથે સેવાઓના સઘનીકરણ માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

આજે જિલ્લા કલેક્ટર શ્રી સતીષ પટેલે જનસેવા કેન્દ્રની રૂબરૂ મુલાકાત લીધી હતી અને લોકોને પડી રહેલી તકલીફોની જાણકારી મેળવી હતી. શ્રી પટેલના આ રાઉન્ડ દરમ્યાન માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની ટીમ તેમજ કલેક્ટર કચેરીના પણ સંબંધિત અધિકારીઓની ટીમ હાજર હતી.

જિલ્લા કલેક્ટર શ્રી સતીષ પટેલે જનસેવા કેન્દ્રની સેવાઓના સઘનીકરણ પર ભાર મુકી જણાવ્યુ હતુ કે સેવાઓ લોકોને તત્કાલ ઉપલબ્ધ બને તે માટે હાલના હયાત માળખામાં જ ફેરફાર કરવા પર આગ્રહ કર્યોહતો.

તેમણે જનસેવા કેન્દ્રમાં મુલાકાતીઓને બેસવાની સુવિધામાં વધારો કરવા, પેયજળની સુવિધા જે હાલ છે તેમાં કુલર સહિતનો બદલાવ કરી પાણીનો ઓછો બગાડ થાય તેમજ જે પાણી બહાર આવે છે તે બંધ કરવા જણાવ્યુ હતુ. જિલ્લા કલેક્ટરશ્રીએ શૌચાલયની હાલની જે સુવિધા છે તેમાં પણ થોડાક ફેરફારોની હિમાયત કરી ગટર લાઈન જે ચોક-અપ થવાની ફરિયાદો ઉઠે છે તેના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા કરવા પણ અધિકારીઓને જણાવ્યુ હતુ.

જિલ્લા કલેક્ટર શ્રી સતીષ પટેલે જિલ્લાની વિવિધ કચેરીઓના રાઉન્ડ લેતા પહેલાં કલેક્ટર કચેરીમાં જ બેસતી વિવિધ કચેરીઓ અને શાળાઓની પણ મુલાકાત લીધી હતી. તેમણે કર્મચારીઓ સાથે પણ બેઠક કરી અને પ્રજાના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટેનો આગ્રહ કર્યો હતો.

કલેક્ટર શ્રી પટેલે તેમના સંકુલમાં જ સ્વચ્છતાની જાળવણીનો કડક આગ્રહ કરતાં જણાવ્યુ હતુ કે ગંદકી કરનારાઓ સામે હવે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. અત્યારે હુ માત્ર ચેતવણી આપુ છુ કે આપણી કચેરી સ્વચ્છ અને સુઘડ રાખીએ. તેમણે કચેરીના ફાઈલીંગને લઈ પણ કેટલીક ટકોરો કર્મચારીઓને કરી હતી.

# પિંડારડા અને કલોલમાંથી કોલેરાના બે દર્દી મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકા અને કલોલ તાલુકામાંથી આજે બે કેસ કોલેરા પોઝીટીવના મળી આવતાં આરોગ્ય તંત્રએ આંચકો અનુભવ્યો છે અને સઘન સર્વેલન્સના આદેશો આપ્યા છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર તાલુકાના પિંડારડા ગામેથી અશોકસિંહ રાઠોડ (ઉં.વ.૪૦)ને આજે પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાયો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેમની તબિયત સુધારા પર હોવાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સર્વેલન્સ દરમ્યાન પિંડારડા ગામમાંથી પાણીના ૪ જેટલા લિકેજીસ પણ મળી આવ્યા છે તેથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે અને તાકીદે તેને દુરસ્ત કરવાની કામગીરી પંચાયતને કરવા જણાવ્યુ છે. કાલ સુધીમાં લિકેજ દુરસ્ત થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે દર્દી પીંડારડા-વિજાપુર માર્ગ પર આવેલ એક ખાનગી હોટલમાં કારીગર તરીકે નોકરી કરે છે અને તે ત્યાં જ રહે છે.

બીજી તરફ કલોલ શહેરમાં મહેન્દ્ર મિલની ચાલીમાંથી એક ૧૨ વર્ષીય યુવાનને પણ કોલેરા પોઝીટીવ આજે જણાયેલ છે.

કલોલ શહેર પાણીજન્ય રોગચાળા માટે સંવેદનશીલ ગણાય છે. તંત્રએ અહિ સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે દર્દી બિહાર વતનમાં ગયો હતો અને તે ટ્રેઈનો બદલીને અહિં પહોંચ્યો છે એટલે કદાચ ક્યાંક ખાવાને કારણે કોલેરા થયો હોવાનું મનાઈ રહ્યું છે.

આજે મળેલા બે વધુ દર્દીને કારણે જિલ્લામાં કોલેરાના દર્દીઓની સંખ્યા ૧૩ પર પહોંચી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com